દિવ્ય ભાસ્કર

# બાળ ભાસ્કર

બાળકોની પોતાની દુનિયા

13 મે, 2017

હેપ્પી મધર્સ ડે

# વહાલું લાગે રેવામાનું ઘર

**‘રેવામા, તમે અમને તમારાં ઘરમાં આશરો આપ્યો. અમારી પણ ફરજ છે કે અમે તમારાં માટે કંઈક તો કરીએ.’**

‘આપણને બધાંને એક જ ઘરમાં રાખવા, ભણાવવા, જમાડવા અને બીમાર પડીએ તો આપણી સારવાર કરાવવી આ બધું સરળ નથી.’ વિનયે બધાં બાળકોને સમજાવતાં કહ્યું.

આકાશ બોલ્યો, ‘વિનયભાઈ, રેવામા છ વાગ્યે આવી જશે. આપણે એ પહેલાં તૈયારી કરી લઈએ.’

અંશુલ, નિક્કી, અંકિત, આશુ, નિધિ ફુગ્ગા અને રંગબેરંગી રિબનથી રૂમ સજાવવા લાગ્યાં.

સાંજના છ વાગવાના હતા. મોટાં બાળકો રૂમમાં જમીન પર બેસી ગયાં. ત્યારે બહાર નાનાં બાળકોનો અવાજ સંભળાયો, ‘રેવામા આવી ગયાં, રેવામા આવી ગયા.’ ચહેરા પર હાસ્ય રેલાવતાં રેવામા રિક્ષામાંથી ઊતર્યાં ત્યાં તો કેટલાંક બાળકોએ તેમનો સામાન પોતાના હાથમાં લઈ લીધો. સાવ નાનાં બાળકોએ રેવામાની સાડીનો છેડો પકડી લીધો અને એમને અંદર લઈ જવા લાગ્યાં. આંગણામાં નાનકડી છોકરીઓએ ફૂલ વરસાવીને રેવામાની આરતી ઉતારી. બધાંએ તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું અને શાંતિથી એક ખુરશી પર તેમને બેસાડ્યાં.

આ જોઈને રેવામાને પણ નવાઈ લાગી. તેમણે આશ્ચર્યથી પૂછ્યું, ‘મારાં વહાલાં બાળકો, આપણે તો દરરોજ મળીએ છીએ, પણ આજે કેમ આટલી સજાવટ કરી છે? અને આજે આટલું સરસ સ્વાગત શા માટે?’

રેવામાની વાત સાંભળીને વિનયે કહ્યું, ‘રેવામા, અમે બધાં તો અનાથ બાળકો છીએ. તમે અમને તમારા ઘરમાં આશરો આપ્યો. અમને નવું જીવન આપ્યું. તમે અમારાં સૌ માટે કેટલી મહેનત કરો છો! તમે અમારાં બધાંનું ધ્યાન રાખો છો. અમારી પણ ફરજ છે કે અમે તમારાં માટે કંઈક તો કરીએ. રેવામા તમે આ ચાદર દૂર કરો.’

રેવામાએ ચાદર દૂર કરી કે બાળકો ફુગ્ગા ફોડીને જોરજોરથી બૂમો પાડવા લાગ્યાં. દીવાલ ઉપર રંગબેરંગી રિબનથી ‘હેપ્પી મધર્સ ડે’ લખ્યું હતું. રેવામાની આંખોમાંથી હર્ષનાં આંસુ છલકાઈ ઊઠ્યાં. તેઓ બધાં બાળકોને વહાલથી ભેટી પડ્યાં.

-ડૉ. લલિત





